પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૩ | ૨૪ એપ્રિલ, ૨૦૧૯, બુધવાર; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં સરેરાશ ૬૩.૬૪ ટકા મતદાન

**રાજ્યની ૨૬ લોકસભા બેઠકોમાં ૩૭૧ ઉમેદવારોનું ભાવિ ઇવીએમમાં કેદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલીએ મતદાન કર્યું : સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મારામારીની ઘટનાઓ : ઇવીએમ બંધ પડી ગયાની અસંખ્ય ફરિયાદો : રાજ્યમાં સૌથી ઓછું ૫૫.૭૩ ટકા મતદાન અમરેલી બેઠકમાં : સૌધી વધુ ૭૪.૦૯ ટકા મતદાન વલસાડ બેઠક પર : આદિવાસી બેઠકોમાં સૌથી વધુ મતદાન**

## રાજ્યમાં ક્યાં કેટલું મતદાન

| | |
|---|---|
| કચ્છ | --૫૭.૫૩ |
| બનાસકાંઠા | --૬૪.૭૧ |
| પાટણ | --૬૧.૨૩ |
| મહેસાણા | --૬૪.૯૧ |
| સાબરકાંઠા | --૬૭.૦૩ |
| ગાંધીનગર | --૬૪.૯૫ |
| અમદાવાદ પૂર્વ | --૬૦.૭૭ |
| અમદાવાદ પશ્ચિમ | --૫૯.૮૨ |
| સુરેન્દ્રનગર | --૫૭.૭૯ |
| રાજકોટ | --૬૩.૧૨ |
| પોરબંદર | --૫૬.૭૭ |
| જામનગર | --૫૮.૪૯ |
| જૂનાગઢ | -- ૬૦.૭૦ |
| અમરેલી | --૫૫.૭૩ |
| ભાવનગર | --૫૮.૪૧ |
| આણંદ | --૬૬.૦૩ |
| ખેડા | --૬૦.૩૨ |
| પંચમહાલ | --૬૧.૬૮ |
| દાહોદ | --૬૬.૦૫ |
| વડોદરા | --૬૭.૨૬ |
| છોટા ઉદેપુર | --૭૨.૯૧ |
| ભરૂચ | --૭૧.૧૮ |
| બારડોલી | --૭૨.૯૪ |
| સુરત | --૬૩.૯૯ |
| નવસારી | --૬૬.૪૨ |
| વલસાડ | --૭૪.૦૯ |
| કુલ | -- ૬૩.૬૪ |



ગાંધીનગર ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં સરેરાશ ૬૩ ટકા જેટલું મતદાન થયું છે જે ૨૦૧૪ના ૬૩.૦૨ ટકાની આસપાસ છે. રાજ્યમાં મતદાન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલીએ મતદાન કર્યું છે. રાજ્યમાં ૧૦૫ વર્ષ સુધીના મતદારે મતદાન કર્યું છે. ગાંધીનગરમાં મોદીના માતા હીરાબા કે જેઓ ૯૮ વર્ષના છે તેમણે પણ તેમનો મત આપ્યો હતો. મતદાનના આંકડા અંદાજીત છે. ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીએ કહ્યું છે કે મતદાનના સંપૂર્ણ આંકડા આવશે ત્યારે મતદાનની ટકાવારીમાં બદલાવ થઈ શકે છે.

સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મારામારીની ઘટનાઓ બની હતી. કેટલીક જગ્યાએ મતદારોને મત આપવા જતા રોકવામાં આવ્યા હતા. ઈવીએમ બંધ પડી ગયાની અસંખ્ય ફરિયાદો નોંધવામાં આવી છે. ચૂંટણી આચાર સંહિતાનો ભંગ કરવાની ઘટનાઓ પણ સામે આવી છે. ભાવનગરમાં રૂપાણી કેબિનેટના મંત્રી વિભાવરી દવેએ મતદાન મથકમાં જ વિડીયો વાયરલ કર્યો હતો અને ભાજપને મત આપવાની અપીલ કરી હતી. તેમની સામે ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. રાજ્યની ૨૬ લોકસભા બેઠકોમાં ૩૭૧ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે.

ગુજરાતમાં સવારે નવ વાગ્યે ૧૦ ટકા મતદાન થયું હતું. આ મતદાનમાં દાહોદ બેઠક પર સૌથી વધુ મતદાન હતું તે આ બેઠકમાં છેલ્લે સુધી જળવાઈ રહ્યું છે. સવારે ૧૧ વાગ્યે ૨૪.૮૭ ટકા મતદાન થયું હતું જ્યારે બપોરે એક વાગ્યે ૩૯.૨૭ ટકા મત પડ્યા હતા. સાંજે પાંચ વાગ્યે મતદાનની ટકાવારી વધીને ૫૮.૯૫ ટકા થઈ હતી જેમાં દાહોદનું મતદાન ૮૨.૦૪ ટકા થયું છે. રાજ્યમાં સૌથી ઓછું ૫૨.૦૨ ટકા મતદાન અમરેલી બેઠકમાં થયું છે જ્યારે સૌથી વધુ ૭૨.૭૧ ટકા મતદાન વલસાડ બેઠકમાં થયું છે.

ગુજરાતમાં મતદારોનો ઉત્સાહ સવારે અને સાંજે જોવા મળ્યો હતો. બપોરે ગરમીનું પ્રમાણ વધારે હોવાથી મતદાનનું પ્રમાણ ઓછું થઈ ગયું હતું. મતદાન મથકોમાં માત્ર ચૂંટણી સ્ટાફ જોવા

● અનુસંધાન પાન-૭ પર

## ગામડામાં મતદાનનો બહિષ્કાર

છોટાઉદેપુરના બોડેલીના ચાપરગોટા ગામના લોકોએ ચૂંટણી બહિષ્કાર કર્યો હતો. ૨૦૦થી વધુ ગ્રામજનો મતદાનથી દૂર રહ્યા હતા. ગામમાં થયેલા ભ્રષ્ટાચારને કારણે ગ્રામજનોએ અગાઉથી ચૂંટણી બહિષ્કારની ધમકી આપી હતી. એવી જ રીતે બારડોલી લોકસભામાં તાપી જિલ્લાના સોનગઢમાં ત્રણ ગામ બુધવાડા, જૂના આમલપડા, જુની કુઈલિવેલ ના લોકોએ રસ્તા, પાણી, વિજળી, આરોગ્ય, શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ નહીં મળતાં ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો. આ ત્રણેય ગામના પુરુષો, મહિલાઓ અને યુવાનો મત આપવા આવ્યા નથી. ચૂંટણી અધિકારી એ મતદાનની અપીલ કરી છતાં મત આપ્યા ન હતા.

## પાટીદારોની નારાજગીનો ભાજપને ડર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં મતદાનની પેટર્ન જોતાં ૫૦ ટકાથી વધારે મતદાન હોય તો ભાજપને ફાયદો થાય છે જ્યારે તેનાથી ઓછું હોય તો કોંગ્રેસને ૫૦ ટકા બેઠકો મળતી હોય છે. જો કે આ વખતે ઓબીસી અને પાટીદાર સમાજની નારાજગી ભાજપની બાજી બગાડી શકે તેમ છે. ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ અમિત શાહે મતદારોને વધુ મતદાન કરવાની કરેલી અપીલ કામે આવી છે, કારણ કે ૨૦૦૪ અને ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં કુલ વોટીંગ ૫૦ ટકાની અંદર હતું ત્યારે કોંગ્રેસને ૧૦થી વધુ બેઠકો મળી હતી. ૨૦૧૪માં ૬૩.૫ ટકા વોટીંગમાં ભાજપે રાજ્યમાં કોંગ્રેસના સૂપડાં સાફ કરી નાંખ્યા હતા. ગુજરાતમાં પાટીદારો અને ઓબીસીનું જો કોંગ્રેસ તરફી મતદાન થયું હશે તો કોંગ્રેસને ૮ થી ૧૦ બેઠકો મળવાની શક્યતા છે પરંતુ જો ભાજપ તરફી મતદાન રહ્યું હશે તો કોંગ્રેસને માત્ર એક કે બે બેઠકો મળે તેવી સંભાવના છે. રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં આટલું ઉંચુ વોટીંગ આશ્ચર્ય ઉપજાવતું નથી, કારણ કે પ્રત્યેક ચૂંટણીમાં આદિવાસી મતદારો વધુ મતદાન કરે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય કે વિધાનસભા કે પછી લોકસભા-- આદિવાસી વિસ્તારોમાં સૌથી વધુ મતદાન હંમેશા નોંધાયેલું છે જે બન્ને પાર્ટીને ફાયદો કરાવે છે.



મતદાનનો મહિમા - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના વ્યસ્ત સમયમાંથી મતદાન માટે સમય ફાળવી અમદાવાદના રાણીપ વિસ્તારમાંથી પોતાનો પવિત્ર મત આપ્યો હતો... જ્યારે ગાંધીનગર બેઠકના ઉમેદવાર અને ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમિતભાઈ શાહે પરિવાર સાથે નારણપુરા ખાતે મતદાન કર્યું હતું....




## ગ્રામીણ ગુજરાતમાં ખેડૂતો-વેપારી વર્ગ નારાજ

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં નોટબંધી અને જીએસટી તેમજ ખેડૂતોના પ્રશ્નો અંગે મતદારો ભાજપથી નિરાશ થયેલા છે. બેકારીનું પ્રમાણ પણ વધ્યું હોવાથી સત્તા વિરોધી મતો પડ્યા હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યાં છે. શહેરી વિસ્તારમાં વેપારી વર્ગ નારાજ છે પરંતુ તે મતદાન કરવા જતો નથી. ભાજપે તેના કમિટેડ વોટ નંખાવવા માટે પ્રયાસ કર્યા છે પરંતુ પાટીદારોની નારાજગીનો ભાજપના ઉમેદવારોએ સામનો કરવો પડે તેમ છે.

મોદી અને અમિત શાહની વધુ મતદાનની અપીલ કામે લાગી છે અને બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ગુજરાતમાં મતદાનની ટકાવારી ૫૦ ટકાથી વધુ પહોંચી હતી. વધુ મતદાન ભાજપને ફાયદો ચોક્કસ કરાવે છે કારણ કે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો વધુ વોટીંગ માટે કમિટેડ વોટર્સનો સંપર્ક કરતાં નથી તેથી તેમને ચૂંટણીમાં નુકશાન જાય છે. આ વખતે મતદારોમાં ૨૦૧૪ની ચૂંટણી જેવો ઉત્સાહ જોવા મળતો નથી તેથી ભાજપને નેતાઓને ચૂંટણી જીતવા માટે કાવાદાવા કરવા પડે છે. સાંજના પાંચ વાગ્યા સુધીમાં રાજ્યમાં સરેરાશ ૬૨ ટકા મતદાન થયું છે.

ગુજરાતમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાની અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને જસવંતસિંહ ભાભોરનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીમાં ભાજપ અને કોંગ્રેસે એમ બન્ને પાર્ટીઓએ ભૂલો કરેલી છે પરંતુ મતદારો સાચા અને તેમને ગમતા ઉમેદવારને મત આપીને પાર્ટીની ભૂલો સુધારી દેતા હોય છે.

## ભાજપ કાર્યકર પાસેથી ૩૦ લાખ પકડાયા

જૂનાગઢમાં મતદાન સમય દરમ્યાન ભાજપના કાર્યકરને દારૂ અને ૩૦ લાખ રૂપિયા રોકડ રકમ સાથે પોલીસે પકડ્યો હતો. આ કાર્યકર રવિરાજ વ્યાસ દારૂ પીધેલી હાલતમાં પણ હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે ભાજપના આ કાર્યકર પાસે ૩૦ લાખ રૂપિયા હતા પરંતુ પોલીસે કહ્યું હતું કે તેની પાસે ત્રણ લાખ રૂપિયા રોકડા હતા. આ કાર્યકરને જામીન પર છોડવામાં આવ્યો હતો. જૂનાગઢ ભાજપના પ્રમુખે કહ્યું હતું કે પાર્ટીને રવિરાજ સાથે કોઈ લેવાદેવા નથી.

## ૧૮ થી ૧૦૫ વર્ષ સુધીના મતદારોનું મતદાન

આ ચૂંટણીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું ભાવિ ઈવીએમમાં બંધ થયું છે. મોદીએ અમિત શાહના વિસ્તારમાં મત આપ્યો છે. લોકસભાની ચૂંટણીમાં ટિકીટ ન મળી હોવા છતાં લાલકૃષ્ણ અડવાણીએ અમદાવાદમાં આવીને તેમનો મત આપ્યો છે. તેમણે કહ્યું હતું કે અમારી જીત થવાની છે. મોદીએ મતદાન કર્યા પછી મતદારોને અપીલ કરતાં કહ્યું હતું કે ચૂંટણીમાં વોટર આઈડીની તાકાત આતંકીના આઈઈડી કરતાં વધારે છે તેથી ગુજરાતની જનતાએ આઈઈડી ને ખતમ કરવા વોટર આઈડીથી મતદાન કરવું જોઈએ. ગુજરાતમાં ૧૮-૧૯ વર્ષના યુવાનોએ મતદાન કર્યું છે અને ૧૦૫ વર્ષના વૃદ્ધે પણ મત આપ્યો છે. ચૂંટણી પંચના મતદાર જાગૃતિ અભિયાન છતાં રાજ્યના શહેરી વિસ્તારમાં લોકોએ ઓછા મત આપ્યા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં મતો વધારે પડ્યા છે. આ મતદાનમાં અમરેલીમાં વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાનીનું ભાવિ પણ મત પેટીમાં સીલ થયું છે.




